ગાંધીનગર સમાચાર

સોમવારથી શાળાઓમાં વાર્ષિક પરીક્ષા

# મહાનગરપાલિકાની ચૂંટણીની વિધિવત જાહેરાત

**મનપાની ચૂંટણી જંગ માટે ચૂંટણી પંચ સજ્જ : ૨૪મી એપ્રિલે મતદાન : ૨૬ એપ્રિલે મતગણતરી, ૪થી એપ્રિલથી ઉમેદવારી પત્રો ભરવાનો પ્રારંભ થશે : ઈ.વોટીંગ માટે જાગૃતિ અભિયાન છેડાશે : જિલ્લા તંત્રને ખાસ ગ્રાન્ટ ફળવાઈ છે : ૨૦૨ મતદાન મથકો : આજથી આદર્શ આચારસંહિતાનો અમલ શરૂ થશે : ૮ વોર્ડમાં ૩૨ બેઠક માટે જંગ**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મહાનગર પાલિકાની દ્વિતીય સામાન્ય ચૂંટણી અંગે આજે રાજ્ય ચૂંટણી પંચે વિધિવત્ ઘોષણા કરતાં જ સમગ્ર શહેરમાં આદર્શ આચાર સંહિતાનો અમલ શરૂ થઈ ગયો છે.

રાજ્ય ચૂંટણી પંચના કમિશ્નર શ્રી વરેશ સિંહાએ જણાવ્યું હતું કે ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણીની સાથે જિલ્લા પંચાયતની બે અને તાલુકા પંચાયતની ૧૫ બેઠકોની પેટા-ચૂંટણી યોજવામાં આવશે.

તેમણે જણાવ્યું હતું કે આ ચૂંટણી માટેનું જાહેરનામુ ૪થી એપ્રિલે પ્રસિદ્ધ થશે અને ૯મી એપ્રિલ સુધી ઉમેદવારીપત્રો ભરી શકાશે. ૧૧મી એપ્રિલે ઉમેદવારી પત્રોની ચકાસણી થશે જ્યારે ૧૨મી એપ્રિલ ઉમેદવારી પત્રો પાછા ખેંચતવાની અંતિમ તારીખ રહેશે. ૨૪મી એપ્રિલે મતદાન યોજાશે અને પુનઃ મતદાન જરૂરી હોય તો ૨૫મી એપ્રિલે થશે જ્યારે મતગણતરી ૨૬મી એપ્રિલે થશે.

શ્રી સિંહાએ જણાવ્યું હતું કે ગાંધીનગર મહાનગરકપાલિકાની દ્વિતીય સામાન્ય ચૂંટણીમાં પણ ઈ. વોટીંગ કરી શકાશે. આ માટે પંચે મોબાઈલ એપ પણ બનાવી ઈ.વોટીંગ માટેના રજીસ્ટ્રેશન અંગેનું અભિયાન કાલથી શરૂ થશે અને ૧૫ એપ્રિલ સુધી તે ચાલશે.

શ્રી સિંહાએ જણાવ્યુ હતુ કે મહાનગરપાલિકાની આખરી મતદારયાદી આજે પ્રસિદ્ધ કરવામાં આવશે. તેમણે જણાવ્યુ હતુ કે મતદાર જાગૃતિ અભિયાન પણ પંચ દ્વારા છેડવામાં આવશે. આ માટે જિલ્લાતંત્રને વિશેષ ગ્રાન્ટ પણ ફાળવી આપવામાં આવી છે.

તેમણે જણાવ્યુ હતુ કે ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી માટે નવા સીમાંકનમાં ૮ વોર્ડ નિયત કરવામાં આવ્યા છે. નવા નિયમ મુજબ ૩૨ બેઠકો બને છે. જેમાં ૫૦ ટકા મહિલા અનામત બેઠકો છે. શ્રી સિંહાએ જણાવ્યું હતુ કે મનપા માટે ૨૦૨ મતદાન મથકો નિયત કરવામાં આવ્યા છે. અંદાજે ૧ હજાર પોલીંગ સ્ટાફ અને ૮૦૦ જેટલા પોલીસ કર્મીઓ ચૂંટણીની ફરજ બજાવશે.

તેમણે જણાવ્યુ હતુ કે શહેરમાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૧,૫૦,૨૬૮ છે. જેમાં ૭૭,૬૯૬ પુરૂષ મતદારો છે અને ૭૨,૫૭૨ મહિલા મતદારોનો સમાવેશ થાય છે.

પત્રકારોના એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું કે ગાંધીનગર મનપામાં વોર્ડ દીઠ એક ઉમેદવાર રૂ. ૪ લાખની મર્યાદામાં ખર્ચ કરી શકશે. પંચ દ્વારા નિષ્પક્ષ અને ન્યાયી ચૂંટણી માટે નિરીક્ષક પણ નિયુક્ત કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

## ચૂંટણીની વણકથી વાતો

● **બે મહિલા અધિકારીઓના શિરે ચૂંટણીની જવાબદારી**

ગાંધીનગર મહાનગરપાલિકાની દ્વિતીય સામાન્ય ચૂંટણીમાં જિલ્લા કલેક્ટર કચેરીની બે મહિલા અધિકારીઓ સમગ્ર જવાબદારી સંભાળશે. જમીન સુધારણાના નાયબ કલેક્ટર શ્રીમતિ કવિતાબેન શેઠ અને જિલ્લા પુરવઠા અધિકારી સુશ્રી નિશા શર્મા ચૂંટણી અધિકારી તરીકે નિયુક્ત થયા છે.

વોર્ડ નં. ૧ થી ૪ના ચૂંટણી અધિકારી તરીકે શ્રીમતિ કવિતાબેન શેઠ અને વોર્ડ નં. ૫ થી ૮ના ચૂંટણી અધિકારી તરીકે સુશ્રી નિશા શર્મા જવાબદારી સંભાળશે. શ્રીમતિ કવિતાબેન શેઠ કલોલ ન.પા.ના અને સુશ્રી ગાંધીનગર તાલુકાના ચૂંટણી અધિકારી તરીકેની સફળ કામગીરી બજાવી ચુક્યા છે.

● **ગત ચૂંટણીમાં ૧૫૩ ઈ.વોટર્સે મતદાન કર્યુ ન હતુ**

ગાંધીનગર મહાનગરપાલિકાની પ્રથમ સામાન્ય ચૂંટણી માટે ૬૭૦ ઈ.વોટર્સનું રજીસ્ટ્રેશન થયુ હતુ. જે પૈકી ૫૧૭ મતદારોએ ઈ.વોટીંગ કર્યુ હતુ. આમ ૧૫૩ ઈ.વોટર્સે મતદાન કર્યુ ન હતુ.

ઈ.વોટર્સ તરીકે રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ જો તેને એક્ટીવેટ કરાવ્યુ હશે તો તે મતદાર મતદાન મથકમાં જઈ મતદાન કરી શકશે નહિ.

ગત ચૂંટણીમાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૧,૩૫,૨૬૯ હતી જે પૈકી ૭૯,૭૭૮ એ મતદાન કર્યું હતું.

● **ઉમેદવારે એફિડેવિટ રજુ કરવા પડશે**

ચૂંટણીમાં ઉમેદવારે ઉમેદવારી પત્ર સાથે પોતાનો ગુન્હાહિત ઈતિહાસ, શૈક્ષણિક લાયકાત, મિલ્કત અને દેવા બાબતનું સોગંદનામુ ચૂંટણી અધિકારી સમક્ષ રજુ કરવાનું રહેશે.

● **પહેલીવાર સામાન્ય ચૂંટણી પણ નોટા રહેશે**

ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં પહેલીવાર મતદારને નોટાનો વિકલ્પ મળશે.

● **૨૪૨ ઈ.વી.એમ. તૈયાર**

ગાંધીનગર મહાનગરપાલિકાના ૨૦૨ મતદાન મથકો છે. જ્યારે આ ચૂંટણી માટે ૨૪૨ ઈ.વી.એમ. તૈયાર રાખવામાં આવ્યા છે. આ ઈવીએમ તદન નવા ખરીદાયેલા છે અને પહેલી જ વાર ઉપયોગમાં લેવામાં આવશે.

# મધુર બ્રાન્ડ ૨જી એપ્રિલથી અમૂલ બ્રાન્ડના નામે વેચાશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેર અને જિલ્લામાં ૨જી એપ્રિલથી "મધુર" બ્રાન્ડના દૂધ અને છાશ હવે "અમૂલ" બ્રાન્ડથી બજારમાં વેચાશે.

આજે મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના મેને. ડિરેક્ટરશ્રી સોઢીની ઉપસ્થિતિમાં એમ.ઓ.યુ. થયા બાદ આ જાહેરાત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં રાજ્યમંત્રી મંડળના બે મંત્રીઓ ઉપસ્થિત રહેવાના હતા પરંતુ ચૂંટણીની આદર્શ આચારસંહિતા શહેરમાં લાગુ થતાં તેઓ હાજર રહ્યા ન હતા.

ગાંધીનગર જિલ્લો ૪ તાલુકા દહેગામ, માણસા, કલોલ અને ગાંધીનગરનો બનેલો છે. જેમાં, પેથાપુર નગરપાલિકા તેમજ ગાંધીનગર મહાનગરપાલિકાનો સમાવેશ પણ થાય છે. અત્યાર સુધી ગાંધીનગર જિલ્લા દૂધ સંઘનું (મધુર ડેરી) દૂધ અને દૂધની બનાવટોનું ૯૫ ટકા બજાર એ આ ડેરીએ જાળવી રાખ્યુ છે. પરંતુ, વધતા જતા વિસ્તાર અને વધતા જતા દૂધ ઉત્પાદનને વેચાણ માટે પણ જિલ્લાની બ્રાન્ડ નેમની સાથે-સાથે મધુરની ઓળખ અમૂલના નામે કરવી જરૂરી હતી. મધુર દૂધ અને છાશ સિવાયની તેની મિઠાઈઓ, દહીં, પનીર અને અન્ય પ્રોડક્ટસ પોતાના બ્રાન્ડ નેમ હેઠળ જ વેચશે. પ્રત્યક્ષ રીતે મધુર ડેરી, પ્રજાજનોમાં રહેલી છે પરંતુ, સહકારી પ્રવૃત્તિના ભાગસ્વરૂપે ઉંચી

● અનુસંધાન પાન-૭ પર

### અમૂલ બ્રાન્ડ બનતાં જ પશુપાલકોને મધુર ભેટ

ગાંધીનગર, તા. ૨૯

મધુર ડેરીના પશુપાલકોને ફેટે રૂ. ૨૦ નો ભાવ વધારો ૧લી એપ્રિલથી આપવાની જાહેરાત ડેરીના ચેરમેન શ્રી શંકરસિંહ રાણાએ કરી હતી. હાલ ડેરી દ્વારા રૂ. ૫૬૦ લેખે આ દર ચુકવવામાં આવે છે જે ૧લી એપ્રિલથી રૂ. ૫૮૦ લેખે ચુકવવામાં આવશે.




મન મોર બની થનગાટ કરે - દેશમાં ગુજરાતી લોકસંગીતને ખ્યાતિ અપાવનાર જાણીતા ગાયક ઓસમાણ મીર ગાંધીનગરના મહેમાન બન્યા હતા... લોક સાહિત્ય પરિવાર દ્વારા યોજાયેલ કાર્યક્રમમાં ઓસમાણ મીરના કંઠે ગવાયેલા ગીતોથી શ્રોતાઓ મંત્રમુગ્ધ બન્યા હતા...

# સોમવારથી શાળાઓમાં વાર્ષિક પરીક્ષા

**મોટાભાગની વાર્ષિક પરીક્ષા એપ્રિલના મધ્યમાં પુર્ણ થઈ જશે : ગરમીની સાથે પરીક્ષાની મોસમ પણ નિખરી**

ગાંધીનગર તા ૨૯

શહેરની શાળાઓમાં આગામી તા ૪ એપ્રિલથી વાર્ષિક પરિક્ષાનો પ્રારંભ થશે. જિલ્લામાંથી ૨.૫૦ લાખ વિદ્યાર્થીઓ પરિક્ષા આપશે. હાલ ધોરણ-૧૧ સેમેસ્ટર ૨ની પરિક્ષા પણ ચાલી રહી છે.ત્યારે ગરમીની સાથે પરિક્ષાની મોસમ પણ નિખરી છે. જયારે એપ્રિલના મધ્યમાં મોટાભાગની પરિક્ષો પુર્ણ થઈ જતા વેકેશનની સિઝન શરૂ થશે. હાલ વિદ્યાર્થીઓ પરિક્ષાલક્ષી તૈયારીમાં ગળાડુબ બન્યા છે.

ધોરણ-૧૦ અને ૧૨ ની પરિક્ષા પુર્ણ થયા બાદ હાલ બોર્ડ દ્વારા ધોરણ ૧૧ સેમેસ્ટર ૨ ની પરિક્ષા લેવામાં આવી રહી છે. બોર્ડ પરિક્ષાના અંતે વિદ્યાર્થીઓ વેકેશનની મજા માંણી રહયા છે. જયારે ધોરણ ૧૦ અને ૧૨ સિવાયના વિદ્યાર્થીઓ પરિક્ષાલક્ષી તૈયારીમાં વ્યસ્ત છે. શહેરમાં ગરમીની ઋતુ વચ્ચે પરિક્ષાની મૌસમ પણ નિખરી છે. સેમેસ્ટર ૨ ની પરિક્ષામાં પણ જિલ્લામાંથી ૬૦૬૬ જેટલા વિદ્યાર્થીઓ હાજરી આપી રહયા છે. જયારે આગામી તા ૪ એપ્રિલથી શરૂ થનારી વાર્ષિક પરિક્ષામાં પણ જિલ્લામાંથી ૨.૫૦ લાખ જેટલા વિદ્યાર્થીઓ હાજરી આપશે. જેમાં સરકારી તેમજ ખાનગી શાળામાં પરિક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ પરિક્ષામાં પ્રાથમિકા શાળાના ૨.૧૭ લાખ વિદ્યાર્થીઓ તેમજ ધોરણ-૯ના ૨૨ હજાર તેમજ ધોરણ-૧૧ ના ૧૨ હજાર જેટલા વિદ્યાર્થીઓ કસોટી આપશે. આગામી તા ૪ થી ૧૪ એપ્રિલ સુધીમાં મોટાભાગની વાર્ષિક પરિક્ષા પુર્ણ થઈ જશે. ત્યારબાદ પરિક્ષાના અંતે વેકેશનની સિઝન નિખરશે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ માટે પણ આગામી તા ૧૦મેંના રોજ ગુજકેટની પરિક્ષા લેવાશે. શહેરમાં પરિક્ષાની મોસમ વચ્ચે ગરમીનો પારો પણ ઉંચો આવતા નગરના જનજીવન પર અસર વર્તાઈ રહી છે.







ટચુકડી જાહેર ખબર
માત્ર રવિવારે
જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

# જિલ્લાના ૧૦,૭૨૯ પરિવારો આમ આદમી વીમા યોજના સાથે સંકળાયેલા છે

**છેલ્લા બે વર્ષમાં રેતીની રોયલ્ટી પેટે જિલ્લાને ૧૦૭૧.૮૩ લાખની આવક થઈ છે**
**રૂ. ૮૮.૮૩ લાખ ગેરકાયદે ખનીજ ખોદકામ કરનારાઓ પાસેથી વસુલવામાં આવ્યા છે**

ગાંધીનગર, તા. ૨૯

કોંગીના શ્રીમતિ કામિનીબા રાઠોડે ગાંધીનગર જિલ્લામાં આમ આદમી વીમા યોજનાની અમલવારીને લઈ પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં રાજ્ય પંચાયત મંત્રીશ્રી જયંતિભાઈ કવાડિયાએ જણાવ્યું છે કે ૩૧-૧-૧૬ની સ્થિતિએ આમ આદમી વિમા યોજના અંતર્ગત જિલ્લામાં ૧૦૭૨૯ પરિવારોને છેલ્લા બે વર્ષમાં આવરી લેવામાં આવ્યા છે.

ગાંધીનગર તાલુકાના ૨૩૬૨, કલોલના ૩૦૫૧, દહેગામના ૨૬૭૩ અને માણસાના ૨૬૪૩ પરિવારોને આવરી લેવામાં આવ્યાનું પણ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

**વિધાનસભામાં ગાંધીનગર** - પ્રકાશ જહા

તેમણે કહ્યુ કે ઉક્ત સ્થિતિએ રાજ્ય સરકારે ૨૦૧૪-૧૫માં ૪.૩૭ કરોડ પ્રિમીયમ પેટે ભર્યા હતા. એલ.આઈ.સી. દ્વારા અગાઉના વર્ષોમાં ભરવામાં આવેલ પ્રિમીયમ ચાલુ વર્ષે સરભર કરેલ હોવાથી ૨૦૧૫-૧૬માં પ્રિમીયમ ભરેલ નથી.

● **લીઝ મેળવ્યા સિવાય ખનીજ ખોદકામ**

કોંગીના શ્રી બળદેવજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં લીઝ મેળવ્યા સિવાય ખનીજ ખોદકામ અંગે પુછેલા એક પ્રશ્નના લેખિત ઉત્તરમાં મંત્રીશ્રી ખાણ-ખનીજે જણાવ્યુંહતુંકે ૧-૨-૧૪ થી ૩૧-૧-૧૫ દરમ્યાન ૧૪ ઈસમો પાસેથી રૂ. ૩૨.૯૧ લાખની વસુલાત કરવામાં આવી છે. જ્યારે ૧-૧-૧૫ થી ૩૧-૧-૧૬ દરમ્યાન વીસ ઈસમોપાસેથી રૂ. ૫૫.૯૨ લાખની વસુલાત કરવામાં આવી છે. તેમજ ૨૪ ઈસમોસામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આમ બે વર્ષમાં રૂ. ૮૮.૮૩ લાખનો દંડ વસુલવામાં આવેલ છે.

● **જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા મંજૂર અરજી**

કોંગીના કામીનાબા રાઠોડે દહેગામ તાલુકામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા મંજૂર કરાયેલ અરજીઓ અંગે પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં કુટિર ઉદ્યોગ મંત્રીશ્રીએ જણાવ્યુ છે કે ૩૧-૧-૧૬ની સ્થિતિએ બાજપાઈ બેંકે બલ યોજના અને દત્તોપંત ઠેગડી કારીગર વ્યાજ સહાય યોજના હેઠળ કુલ ૯૨૨ અરજીઓ ઉદ્યોગ કેન્દ્રએ મંજૂર કરી બેંકોને મોકલી હતી. જે પૈકી બેંકોએ ૪૪૮ અરજદારોની અરજી મંજૂર કરી હતી.

તેમણે જણાવ્યુ છે કે દત્તોપંત ઠેંગડી કારીગર વ્યાજ સહાયની ૯૮ અરજીઓ કેન્દ્રે મંજૂર કરી અને બેંકોએ તે પૈકીની ૪ અરજી મંજૂર કરેલ છે. મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે બેંકો દ્વારા ધિરાણ મંજૂર નહિ થતુ હોવા અંગે વર્ષ ૨૦૧૪માં એક અરજી મળી હતી. પરંતુ સમય જતાં અરજદારે તેની અરજી દફતરે કરવા વિનંતી કરી હતી. જ્યારે ૨૦૧૫માં આવી કોઈ ફરિયાદ સરકારને મળી નથી એમ પણ તેમણે જણાવ્યુ હતુ.

● **ખેડૂતોને વીજ જોડાણ**

કોંગીના શ્રી બળદેવજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં ૩૧-૧-૧૬ની સ્થિતિએ બે વર્ષમાં ખેડૂતોને અપાયેલ ખેતી વિષયક વીજ જોડાણ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં ઊર્જા મંત્રીશ્રીએ જણાવ્યુ છે કે બે વર્ષમાં કુલ ૨૨૫૧ વીજ જોડાણો અપાયા છે અને હજુ ૧૮૧૪ વીજ જોડાણ માટેની અરજીઓ પડતર છે.

મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે ૧-૨-૧૪થી ૩૧-૧-૧૫ દરમ્યાન ૯૫૫ ખેડૂતોને ખેતી વિષયક વીજ જોડાણ અપાયા હતા જ્યારે ૧-૨-૧૫ થી ૩૧-૧-૧૬ દરમ્યાન ૧૧૯૬ એમ કુલ મળી ૨૧૫૧ વીજ જોડાણ આપવામાં આવ્યા છે.

● **રેતની વસુલાત**

કોંગીના ડૉ. તેજશ્રીબેન પટેલે ગાંધીનગર જિલ્લામાં રેતીની લીઝ પેટે વસુલ કરાયેલ રકમ અંગે પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં ખાણ-ખનીજ મંત્રીશ્રીએ જણાવ્યુ છે કે ગાંધીનગર જિલ્લામાં ૨૦૧૪ના વર્ષમાં રૂ. ૪૯૯.૮૯ લાખ અને વર્ષ ૨૦૧૫માં ૫૭૫.૯૪ રૂ. વસુલ કરવામાં આવ્યા છે. આમ બે વર્ષ દરમ્યાન રૂ. ૧૦૭૧.૮૩ લાખ લીઝ પેટે વસુલી આવી છે.

રોયલ્ટી એન્ડ ડેડરેસ્ટની આવકનું ૯૫ ટકા અનુદાન જિલ્લા પંચાયતોને આપવામાં આવે છે તેમ પણ મંત્રીશ્રીએ જણાવ્યુ છે.

તેમણે જણાવ્યુ કે વર્ષ ૨૦૧૪ પેટે ગાંધીનગર જિલ્લાને રૂ. ૪૭૪.૯૦ લાખ અને વર્ષ ૨૦૧૫ પેટે રૂ. ૪૪૮.૮૨ લાખનું ચુકવણુ જિલ્લા પંચાયતને કરી દેવામાં આવ્યુ છે. મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે ૨૦૧૪નું ચુકવણુ પૂર્ણ થયેલ છે. વર્ષ ૨૦૧૫ની આવકના મેળવણાની કામગીરી ચાલુ છે જે પૂર્ણ થયેથી બાકીની રકમ ચુકવી દેવામાં આવશે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com